બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તદ્દન કામ ચલાઉ ધોરણે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધો.૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધોરણ ૧૨ના વર્ગ વધારાની મંજૂરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી હંગામી ધોરણે મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
હુકમ ક્રમાંક : ઉમશ-૧૨૨૧-૧૦૬૯-ગ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ :03/૦૮/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) કમિશનર શાળાઓની કચેરીનો તા.૦૯/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ઉમશ/ઉમા-03/૨૦૨૧/વ.વ./૪૮૩૧

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના કમિશનર શાળાઓની કચેરીના પત્ર મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ની covid pandemicની પરિસ્થિતીના કારણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૧ની પરીક્ષા રદ કરી, ધો.૧૦માં ભણતા વિદ્યાર્થીઓને(અંદાજિત ૮.૫૭ લાખ જેટલા નિયમિત વિદ્યાર્થીઓને) માસ પ્રમોશન આપવામાં આવેલ છે. માસ પ્રમોશનના કારણે વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓને પાસ કરીને ધોરણ ૧૧ માં પ્રવેશપાત્ર જાહેર કરવામાં આવ્યા છે. જેને કારણે વર્ષ ૨૦૨૧-૨૨માં ધો.૧૧માં વધુ વર્ગો મંજૂર કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

આથી, રાજયમાં આવેલ બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તદ્દન કામ ચલાઉ ધોરણે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધો.૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધોરણ ૧૨ના વર્ગ વધારાની મંજૂરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી હંગામી ધોરણે મંજૂર કરવાની મંજૂરી આપવા કમિશનર શાળાઓની કચેરીએ અત્રે દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

હુકમ :-

પુખ્ત વિચારણાને અંતે, રાજયમાં આવેલ બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તદ્દન કામ ચલાઉ ધોરણે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધો.૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધોરણ ૧૨ના વર્ગ વધારાની મંજૂરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી હંગામી ધોરણે મંજૂર કરવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે :

૧. આ વર્ગોની મંજૂરી તદ્દન કામ ચલાઉ રહેશે તથા ધો.૧૧ના પ્રથમ વર્ગ અને વર્ગ વધારા માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ધો.૧૨ના પ્રથમ વર્ગ વધારા માટે વર્ષ ૨૦૨૨-૨૩ પૂરતા વર્ગ વધારા મંજૂર કરવાના રહેશે.

૨. ધોરણ ૧૧ના પ્રથમ ક્રમિક વર્ગ માટે જગ્યાની સગવડને ધ્યાને લેતા, પ્રતિવર્ગ દીઠ ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. જ્યાં વધુ સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં શાળાના વડા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશ આપી શકશે.

૩. કામચલાઉ વર્ગ વધારા માટે પ્રથમ વર્ગ માટે ન્યૂનતમ વિદ્યાર્થી સંખ્યા ૭૫ રહેશે. ત્યારબાદ અન્ય વર્ગોની જરૂરિયાત ઊભી થાય તો શાળાની ભૌતિક સુવિધાને ધ્યાને લઈને ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૪ વિદ્યાર્થી સંખ્યા અને શહેરી વિસ્તારમાં ઓછામાં ઓછી ૩૬ વિદ્યાર્થીદીઠ વર્ગ વધારો આપી શકાશે.

૪. આ કામચલાઉ વર્ગો માટે સરકારશ્રી દ્વારા કોઈપણ નાણાકીય ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહીં.

૫. કામચલાઉ વર્ગો માટેની મંજૂરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી કક્ષાએથી સરકારશ્રીના નિયમો/ઠરાવો/જોગવાઇઓ તથા શાળાની ભૌતિક સુવિધા અને વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈને આપવામાં આવશે.

૬. હંગામી/કામચલાઉ મંજૂર થયેલ વર્ગોને મળેલ મંજૂરી એક વર્ષ બાદ આપોઆપ રદ થઈ જશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે.

(જે.એચ.હેડંબા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, શાળાઓની કચેરી,૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ(કમિશનર શાળાઓની કચેરી મારફતે)